જુવે.ક્રિમીનલ કેસ નં. **૨૦૦/૨૦૧૩**
**સલાબતપુરા પો.સ્ટે,પાર્ટ–એ,**
**ગુ.ર.નં. ૪૧/૨૦૧૩**
ફેસલ તા.   **/૦૮/૨૦૨૨**

# જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, સુરત.

આંક :–

**ફરીયાદી...**    **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

કાયદાના સંઘર્ષમાં આવનાર કિશોર ઉ.આ.વ. ૧૭ વર્ષ...
રહેવાસી: રૂસ્તમપુરા અકબર સઈદનો પોલીસ ચોકીની પાછળ, સલાબતપુરા, સુરત.

ગુનો: આઈ.પી.સી. કલમ– **૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪,૫૦૬(૨),૪૨૭,૩૨૩,૧૮૮,૧૨૦(બી)**મુજબ
કાયદાના સંઘર્ષમાં આવનાર તરફે વ.શ્રી.

## –:: ચુકાદો ::–

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબ આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સુરત મુકામે આઈ.પી. સી.કલમ– **૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪,૫૦૬(૨),૪૨૭,૩૨૩,૧૮૮,૧૨૦(બી)**મુજબનો ગુનો કરેલ છે.

(૨) સદરહું કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર હાજર થતા તેને પોલીસ તપાસના કાગળોની તમામ નકલો વિના મુલ્યે આપેલ હોવાની ખાતરી કરી. કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની ગુનાની કબુલાત કરતા હોય અને તે અંગે પસ્તાવો હોય તે અંગે આજરોજ બાળકિશોર આંક – ____ થી ગુના કબુલાતનું પુરશીષ આપેલ છે. જેથી તેને આંક – ____ થી જવાબ નોંધવામાં આવેલ છે.

(૩) કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સામેના ગુનાનું ચાર્જશીટ લક્ષમાં રાખી કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાની વયના છે, ભવિષ્યમાં કોઈ ગુનાહિત પ્રવૃતિમાં સદર કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સંડોવાશ નહી. તેની પુરેપુરી તકેદારી રાખશે તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરના ઉજજવળ ભવિષ્ય માટે તમામ સાથ, સહકાર આપશે તેવી કિશોર ખાતરી આપે છે. વધુમાં રેકર્ડ પરના કેસ કાગળો તથા પુરાવા પૂરક વંચાણે અને ધ્યાને લીધા.

(૪) ઉપરોકત સંજોગોમાં જોતા તથા ગુનાની હકીકત ધ્યાને લેતાં આ કાયદાના સંઘર્ષમાં આવનાર કિશોર હોવાના કારણે તેમજ આ પ્રથમ ગુનો હોવાની હકીકત ધ્યાને લેતાં મારા માનવા મુજબ સદરહું કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરના ભવિષ્યને ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# **–:: હુકમ ::–**

જુવેનાઈલ કિશોરને આઈ.પી.સી.કલમ – **૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪,૫૦૬(૨),૪૨૭, ૩૨૩,૧૮૮, ૧૨૦(બી)** મુજબના ગુના માટે જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ – ૧૮ મુજબ,

(૧) જુવેનાઈલ કિશોરને સલાહ તથા ઠપકો આપી પોતાના ઘરે જવા દેવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જુવેનાઈલ કિશોરના વાલીને **રૂા. ૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)** નો દંડ બાળકલ્યાણ ફંડમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદામાલ અંગેનો અગાઉનો હુકમ હોય તો કાયમી રાખવો અન્યથા મૂળ માલિકની ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**વિશેષ નોંધ:** જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ – ૨૪ મુજબ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર વિરૂઘ્ધની હાલની દોષ સાથે સંકળાયેલા ગેરલાયકાત અને રેકર્ડ ઓફ કન્વીકશન દુર કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં કાયદા સંઘર્ષમાં આવેલ કિશોરના ઉજજવળ ભવિષ્યમાં હાલના દોષ તથા હુકમની વિરૂઘ્ધ નોંધ કે વિપરીત અસર કાયદા સંઘર્ષમાં આવેલ કિશોરની વિરૂઘ્ધમાં લાગુ પડશે નહી.

તારીખ: **/૦૮/૨૦૨૨**
સ્થળ: **સુરત.**

**સભ્યશ્રી,**
**શ્રીમતી આર.એમ. કાપડીયા**
**જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, સુરત.**

**સભ્યશ્રી,**
**શ્રી એન.બી. પટેલ.**
**જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, સુરત.**

**અઘ્યક્ષશ્રી,**
**આર.એસ.રાઠૌડ**
**(GJ01374)**
**જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, સુરત.**